# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/048 Dt. 02/08/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI બિઝનેસ કનેકટ દ્વારા 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા નોલેજ સેશન' મિટીંગ યોજાઇ, શ્રી ગિરીશ લુથરાએ સફળ બિઝનેસમેનના માઇન્ડસેટ વિષે જાણકારી આપી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા ગુરૂવાર, તા. ૦૧ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ TOB, સુરત ખાતે 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા નોલેજ સેશન' મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટીંગમાં લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લુથરા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સફળ બિઝનેસમેનના માઇન્ડસેટ વિષે ઉદ્યોગ સાહસિકોને જાણકારી આપી હતી.

શ્રી ગિરીશ લુથરાએ જણાવ્યું હતું કે, તમે જે પણ વ્યવસાય કરો છો તેને પ્રેમ કરો અને એની સફળતા માટે જુસ્સાથી કામ કરો. તેમણે કહયું કે જ્યારે તમે તમારા વ્યવસાયમાં પ્રગતિના પંથે રહેશો ત્યારે ઘણી બધી નકારાત્મકતા આવશે પરંતુ હતાશ થયા વગર તમે પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધશો તો ચોકકસપણે સફળ થશો. એક સમયે એક કામ પર ધ્યાન જ કેન્દ્રિત કરો અને એ કામ કરતી વખતે મન ડગમગવું જોઈએ નહીં. વધુમાં તેમણે કહયું હતું કે, જે પણ વ્યવસાય કરતા હોવ તેમાં અપડેટ રહો અને સમયસર એના માટેનું નોલેજ પણ મેળવતા રહો.

SGCCI બિઝનેસ કનેકટની મિટીંગ ચેરપર્સન સુશ્રી સ્નેહાબેન જરીવાલાના અધ્યક્ષપદે મિટીંગ મળી હતી, જેમાં એસબીસીના સભ્યો તથા અન્ય મુલાકાતીઓ મળીને ૧૦૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી. તેમણે મિટીંગમાં સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. મિટીંગમાં મુખ્ય મહેમાન શ્રી ગિરીશ લુથરાનો પરિચય કો–ચેરમેન શ્રી કેતન

પાનવાલાએ આપ્યો હતો. કો–ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિ તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું.

SGCCI બિઝનેસ કનેકટના એડવાઈઝર શ્રી તપન જરીવાલાએ સૌથી વધુ વિઝીટર લાવનાર, સૌથી વધુ ફેસ ટુ ફેસ મિટીંગ કરનાર અને સૌથી વધુ ધંધો આપનાર સભ્યોનું સન્માન કર્યું હતું. કો–ચેરમેન શ્રી નિરવ બરફીવાલાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. શ્રી ગિરીશ લુથરાએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.